## વલસાડમાં રૂપિયા 3.30 કરોડનો ટેક્સ વલૂસાયો

**જૂન** માસમાં મિલકત વેરો ભરવા માટે 10 ટકાની રિબેટ સ્કીમને સારો પ્રતિસાદ

**હજુ** રૂ.3 કરોડ જેટલા ટેક્સની વસૂલાત થાય એવો અંદાજ

વલસાડ: વલસાડ નગરપાલિકા દ્વારા દર વર્ષે મિકલત વેરામાં 10 ટકાની રિબેટની જાહેરાત કરાતી હોય છે. આ રિબેટ જૂન મહિનામાં વેરો ભરે તેને મળતી હોય છે. આ રિબેટ લેવા માટે વલસાડના મિલકતધારકોની ટેક્સ ભરવા માટે લાઇનો લાગી હતી. તેમણે માત્ર 12 દિવસમાં જ રૂ.3.30 કરોડ જેટલી વેરાની રકમ ભરી દીધી છે. જેને લઇ પાલિકાની આ સ્કીમને બહોળો પ્રતિસાદ મળી રહ્યો હોવાનું લાગી રહ્યું છે.

વલસાડ નગરપાલિકાએ જૂન માસમાં વેરો ભરનાર માટે રિબેટની જાહેરાત કરતાની સાથે જ વલસાડના મિકલકતધારકો વેરો ભરવા આવી પહોંચ્યા હતા. તેમણે પ્રથમ દિવસે જ રૂ.26.74 લાખ જેટલો વેરો ભરી દીધો હતો. જેને લઇ પાલિકાની વેરા વસૂલાતને વેગ મળ્યો હતો. વલસાડ પાલિકાના ટેક્સ સુપરિન્ટેન્ડન્ટ રમણભાઇ રાઠોડે જણાવ્યું કે, જૂન માસની સ્કીમનો લાભ લેવા વલસાડના મિકલતધારકોને અપીલ થતી હોય છે. જેનો વ્યાપક લાભ મિકલતધારકો લઇ રહ્યા છે. હજુ પણ અડધો જૂન બાકી છે. જેના કારણે હજુ રૂ.3 કરોડ જેટલા ટેક્સની વસૂલાત થાય એવો અંદાજ લગાવાઇ રહ્યો છે. પાલિકાએ વસૂલેલા રૂ.3.30 કરોડના વેરા સામે તેમણે 14.30 લાખ જેટલું ડિસ્કાઉન્ટ પણ આપ્યું હતું. જેના પગલે પાલિકાને 12 દિવસમાં કુલ રૂ.3.15 કરોડની આવક થઇ શકી છે.

## કપરાડાનો નવો પિનકોડ 1 વર્ષથી પ્રજાને ગોથે ચઢાવી રહ્યો છે

**આધાર** અપગ્રેડ અને બાયોમેટ્રિક સુધારમાં પિનકોડ ન ઉમેરાતા 99 ગામના લોકો માટે સમસ્યા યથાવત



વલસાડ: કપરાડા તાલુકામાં આશરે 1 વર્ષથી બદલાયેલો પિનકોડ નંબર 99 ગામોના લોકો માટે સમસ્યારૂપ બન્યો છે. મહત્ત્વની આ મુશ્કેલી દૂર કરવા હાલે ફરી નવનિર્માણ ચેરીટેબલ ટ્રસ્ટ વડોલી કપરાડા દ્વારા કલેક્ટરને લેખિતમાં આવેદનપત્ર આપી મુશ્કેલી દૂર કરવા માંગણી કરાઈ છે. પ્રથમ રજૂઆત બાદ કલેક્ટર, જિલ્લા તાલુકા પંચાયત પ્રમુખ બદલાયા છતાં સમસ્યા યથાવત રહી છે. આધાર અપગ્રેડ, બાયોમેટ્રિક સુધાર, શિક્ષણ સબંધિત કામો, સરકારી યોજનાઓ તથા પત્રવ્યવહારોમાં મુશ્કેલી ઊભી થઈ રહી છે.

બે વર્ષથી કપરાડા તાલુકામાં 99 ગામનો જૂનો પીનકોડ નંબર 396065 હતો, જેના બદલે નવો પીનકોડ નંબર 396067 આપ્યા બાદ આધાર સોફ્ટવેરમાં નવો નંબર ઉમેરવામાં ન આવતા ટેક્નિકલી મુશ્કેલી ઊભી થઈ રહી છે. સ્કૂલના ડોક્યુમેન્ટમાં સરનેમ, પિતાનું નામ અલગ અલગ હોવાના કારણે અપાર આઈડીમાં પણ ઘણી તકલીફ ઊભી થઈ રહી છે. વિશેષ કરી મતદાર ઓળખપત્રમાં સરનામાં સાથે નવો પિનકોડ દર્શાવવામાં આવે છે, જ્યારે આધાર કાર્ડ અપડેશન દરમિયાન હજુ પણ સોફ્ટવેરમાં જૂનો પિનકોડ દર્શાવવામાં આવતો હોય જૂના આધારકાર્ડ અને નવા ઈલેક્શન કાર્ડમાં પિનકોડ અલગ અલગ જોવા મળે છે. જેને લઈ આધાર અપગ્રેડ, બાયોમેટ્રિક સુધાર, શિક્ષણ સબંધિત કામો, સરકારી યોજનાઓ તથા પત્રવ્યવહારોમાં મુશ્કેલી ઊભી થઈ રહી છે. આધાર કાર્ડમાં પિનકોડ એકસરખો કરવાની માંગણી કરાઈ છે. નોંધનીય છે કે, કપરાડામાં અરજદારોના કામ ન થતાં છેક કપરાડાથી મહિલાઓ સહિત અન્યો વલસાડ આવ્યા હતાં.

આ મુદ્દે 26.9.2025ના રોજ મામલતદાર કપરાડા અને 22.2 2026ના રોજ કલેક્ટરમાં રજૂઆત કરાઇ હતી. તેમ ટ્રસ્ટ પ્રમુખ બી.એસ. પવારે જણાવ્યું હતું.

## વલસાડમાં 20 રાજ્યમાં રૂ.1.72 કરોડના સાયબર ફ્રોડમાં બે ઝડપાયા

**ઉદ્યમ** રજિ. કરાવી કરંટ બેંક ખાતું ખોલાવ્યું હતું, સુરત અને યુપીના બે શખ્સ વોન્ટેડ



વલસાડ: વલસાડ પોલીસે 'ઓપરેશન મ્યૂલ હંટ ૨.૦' અંતર્ગત કાર્યવાહી કરીને ૧,૭૨,૮૮,૫૧૩ના સાયબર ફ્રોડના રેકેટનો પર્દાફાશ કર્યો છે અને આ ગુનામાં સંડોવાયેલા બે આરોપીની ધરપકડ કરી છે.

તપાસ દરમિયાન વલસાડની બેંક ઓફ બરોડામાં 'JK ENTERPRISE' ના નામે ચાલી રહેલું એક શંકાસ્પદ કરન્ટ એકાઉન્ટ મળી આવ્યું હતું. પોલીસે તપાસ કરતાં આ ખાતું વલસાડના તિથલ રોડ પર રહેતા નયન મહેશભાઇ બીરારીના નામે હોવાનું ખુલ્યું હતું. સાયબર પોલીસે નયનની અટકાયત કરીને પૂછપરછ હાથ ધરતા એક મોટા નેટવર્કનો ખુલાસો થયો હતો.

નયન બીરારીએ પોલીસ સમક્ષ કબૂલાત કરી હતી કે વલસાડના જ રીષભસીંઘ રાજપાલસીંઘ નામના વ્યક્તિએ સાયબર ફ્રોડના નાણાંની હેરફેર કરવા માટે ઉદ્યમ રજિસ્ટ્રેશન કરાવીને કંપનીના નામે આ કરન્ટ એકાઉન્ટ ખોલાવડાવ્યું હતું. આ બેંક એકાઉન્ટની કિટ લઈને તેઓ સુરતના કીર્તીમાનસીંઘ નામના વ્યક્તિ સાથે ઇન્દોર ગયા હતા, જ્યાં ઉત્તર પ્રદેશના આયુષસીંઘ નામના વ્યક્તિને આ કિટ સોંપવામાં આવી હતી. આ કબૂલાતના આધારે વલસાડ સાયબર ક્રાઈમની ટીમે ટેકનિકલ ઇન્ટેલીજન્સની મદદથી વલસાડના આઝાદ ચોક પાસેથી આરોપી રીષભસીંઘ રાજપાલસીંઘની પણ ધરપકડ કરી લીધી છે. તેની પાસેથી અલગ-અલગ બેંકોની સ્લીપ, ૨ ચેકબુક, ૨ પાસબુક, ૪ ડેબિટ કાર્ડ, ૨ બેંક ઓપનિંગ કાર્ડ, ૪ ઉદ્યમ સર્ટિફિકેટ, અન્ય વ્યક્તિના નામે વીજ બિલ, ૨ આધારકાર્ડની ઝેરોક્ષ નકલ અને ૨ મોબાઈલ ફોન મળી આવ્યા છે. આ એકાઉન્ટ્સના માધ્યમથી દેશના જુદા-જુદા રાજ્યોમાં કુલ ૨૦ જેટલી સાયબર ગુનાની ફરિયાદો નોંધાયેલી છે, જેમાં અત્યાર સુધીમાં કુલ ૧,૭૨,૮૮,૫૧૩નું ટ્રાન્ઝેક્શન થઈ ચૂક્યું છે અને ઘણી રકમ ઉપાડી પણ લેવામાં આવી છે. પકડાયેલા આરોપી નયન બીરારી અને રીષભસીંઘ રાજપાલસીંઘ વિરુદ્ધ ગુનો નોંધી અન્ય બે આરોપી કીર્તીમાનસીંઘ (રહે., સુરત) અને આયુષસીંઘ (રહે., યુ.પી.) ને પકડવા ચક્રો ગતિમાન કરાયા છે.

## સંક્ષિપ્ત સમાચાર

### ખેરગામના બહેજ ગામે બાઈક અડફેટે આધેડનું મોત

ખેરગામ: ખેરગામના બહેજથી કુતિખડક રોડ પર આવેલા ઝરા ફળિયામાં ચાલતા જઈ રહેલા ૫૮ વર્ષીય રતિલાલભાઈ નરસિંહભાઈ પટેલને ચીમનપાડાના જલારામ ફળિયામાં રહેતા આરવ સંદીપભાઈ પટેલે પોતાની બાઈક (નં. GJ 21 BJ 1863) પૂરઝડપે હંકારી ટક્કર મારી હતી. આ અકસ્માતમાં રતિલાલભાઈને ગંભીર ઈજા પહોંચતા સારવાર દરમિયાન તેમનું મોત નીપજ્યું હતું. અકસ્માતમાં બાઈકચાલકને પણ માથામાં ઈજા થઈ હતી. ખેરગામ પોલીસે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

### ગોલવાડ ખાતે શ્રી સાઈ ચેરિટેબલ ટ્રસ્ટમાં આર.ઓ. વોટર પ્લાન્ટનું લોકાર્પણ

ઘેજ: ચીખલીના ગોલવાડ ખાતે આવેલા શ્રી સાઇ ચેરિટેબલ ટ્રસ્ટમાં અભ્યાસ કરતાં વિદ્યાર્થીઓ માત્ર એક પરમેનન્ટ આર.ઓ વોટર પ્લાન્ટ લોકાર્પણ કરવામાં આવ્યું હતું. સ્વ.લીલીબેન ઈશ્વરભાઇ દેસાઇના સ્મરણાર્થે પરિવારના સભ્ય નુતનબેન,જયેશભાઇ દેસાઇ અને જયશ્રીબેન દેસાઈ દ્વારા સમર્પિત કરવામાં આવ્યો છે. આ વોટર પ્લાન્ટનો ઉદ્ઘાટન સમારોહ લાયન્સ ક્લબના પદાધિકારીઓ અને ગ્રામજનોની પ્રેરક ઉપસ્થિતિમાં યોજાયો હતો. જેમાં મુખ્ય ઉદ્ઘાટક તરીકે ઉપસ્થિત લાયન્સ ડિસ્ટ્રિક્ટ ગવર્નર લા. મોનાબેન દેસાઈના વરદહસ્તે આર.ઓ. પ્લાન્ટને ખુલ્લો મુકવામાં આવ્યો હતો. કાર્યક્રમમાં મુખ્ય મહેમાન તરીકે દાતા પરિવારના લા.જયેશભાઇ દેસાઇ અને લા.જયશ્રીબેન દેસાઈ ઉપસ્થિત રહ્યા હતા.આ ઉપરાંત રિજિયન ચેરમેન લા.ભાવિનભાઈ નાયક, ઝોન ચેરમેન સનતભાઈ પટેલ, પ્રોજેક્ટ ચેરમેન લા.નેહાબેન દેસાઈ, લાયન્સ ક્લબ ચીખલીના પ્રમુખ પારસભાઈ વિઠ્ઠલાણી ઉપસ્થિત રહ્યા હતા.

### પ્રતાપનગર ગામના યશ ગાંધીની સિદ્ધિ



સુરત: ગુજરાત ટેક્નોલોજીકલ યુનિવર્સિટી (GTU) સંસ્થામાં માસ્ટર્સ ઈન કેમિકલ એન્જિનિયરિંગ (M.E. Chemical Engineering) નો અભ્યાસ કરતાં વાંસદાના પ્રતાપનગરના મોઢ ગાંધી સમાજના યુવાન યશ મનીષકુમાર ગાંધીએ માસ્ટર્સના અભ્યાસક્રમમાં ૧૦માંથી ૧૦ SPI (૧૦૦%) મેળવી યુનિવર્સિટી કક્ષાએ ગોલ્ડ મેડલ પ્રાપ્ત કર્યો છે. આ ઝળહળતી અને અસાધારણ સફળતા બદલ તેના પરિવારજનો, પ્રતાપનગરના ગ્રામજનો તેમજ સમગ્ર ગાંધી સમાજમાં ભારે આનંદ અને ગર્વની લાગણી વ્યાપી ગઈ છે.

### ધરમપુર વિલ્સન હિલ પર નાણાંમંત્રી, આદિજાતિ વિકાસ મંત્રી દ્વારા વૃક્ષારોપાણ



આસીફ શેખ

ધરમપુર: યશસ્વી વડાપ્રધાન નરેન્દ્રભાઇ મોદીના સશક્ત નેતૃત્વ હેઠળ સેવા, સુશાસન અને જનકલ્યાણને સમર્પિત સફળ ૧૨ વર્ષ પૂર્ણ થવાના ગૌરવપૂર્ણ અવસરે પ્રગતિપથ યાત્રા અંતર્ગત રાજ્યના નાણાં, શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ મંત્રી કનુભાઈ દેસાઈ અને આદિજાતિ વિકાસ, ખાદી, કુટિર અને ગ્રામોદ્યોગ તેમજ વલસાડ જિલ્લા પ્રભારી મંત્રી નરેશભાઈ પટેલના હસ્તે વલસાડ જિલ્લાના ધરમપુર તાલુકામાં આવેલા વિખ્યાત પર્યટન સ્થળ વિલ્સન હિલ પર વૃક્ષારોપણ કાર્યક્રમ યોજાયો હતો. આ મુલાકાત વેળા મંત્રી કનુભાઈ અને નરેશભાઈએ વિલ્સન હિલ પર પર્યટકો માટેની સુવિધા, વધુ વિકાસ અર્થે પ્રાંત અધિકારી આર. સી. પટેલ તેમજ વરસાદી પાણીનો તળાવમાં સંગ્રહ માટે તાલુકા વિકાસ અધિકારીને જરૂરી દિશાનિર્દેશ આપ્યા હતાં.

### દોણજા ગામેથી કારમાં લઈ જવાતો રૂપિયા ૧૭.૮૮ લાખનો દારૂ ઝડપાયો

ઘેજ: નવસારી એલસીબી પોલીસે દોણજા ગામેથી કારમાં લઈ જવાતો ૧૭.૮૮ લાખનો વિદેશી દારૂ ઝડપી પાડી ચાલકને વોન્ટેડ જાહેર કર્યો છે. પોલીસે બાતમીના આધારે વોચ ગોઠવી ઇનોવા ક્રિષ્ટા (નં. જીજે ૧૫ સીએચ ૨૮૮૨) ને અટકાવવાનો ઈશારો કરતાં ચાલક કારને આગળ હંકારી કાર મૂકી નાસી છૂટ્યો હતો. પોલીસે તપાસ કરતાં કારમાંથી વિદેશી દારૂ, ટીન-બિયર તથા વોડકાની નાની મોટી બોટલ નંગ-૧૭૫૨ જેની કિં.રૂ.૨,૮૮,૬૪૦ મળી આવી હતી. પોલીસે કાર સહિત કુલ રૂ.૧૭,૮૮,૬૪૦નો મુદ્દામાલ કબજે કરી કારચાલક સામે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

### વાપી ડુંગરામાં આધેડને ચાર ઈસમે માર માર્યો

વાપી: વાપી ડુંગરા સ્થિત ડ્રીમ સિટીમાં અલીરજા અલીહુસેન પટેલ (ઉં.વ.53) રહે છે અને તેમણે રોયલ ગ્રીન સોસાયટીમાં બંગલો ખરીદ્યો હતો. આ બંગલાઓની સામે દિવાલ બનાવવાનો પ્લાન કરતાં હોય અલીરજા અને સોસાયટીના 4-5 માણસો ભેગા મળી ફોર્સુન પીનેકલની ઓફિસે રજૂઆત કરવા માટે ગયા હતા. બંગલા બુક કરાવેલા ત્યારે નકશામાં કોઈ દિવાલ નથીનું જણાવ્યું હતું. જેથી સલીમ સોલંકી, ફારુક સોલંકી, સાદન સોલંકી, ઉજેફા સોલંકી ભેગા મળી ઢીક્કામુક્કીનો માર માર્યો હતો. કન્ટ્રક્શનના પ્લાનમાં દખલગીરી કરશે તો મારી નાંખવાની ધમકી ઉચ્ચારી હતી. ઈજાગ્રસ્તને વાપીની હોસ્પિટલમાં સારવાર માટે લઈ ગયા હતાં. મારામારી કરનારા ચારેય સામે અલીરજા પટેલે વાપી ડુંગરા પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી હતી.

## વાપી ફેક કોલ સેન્ટરનો મુખ્ય સૂત્રધાર મુંબઈથી ઝડપાયો

**મુંબઈમાં** પોલીસની રેડ થતી હોય કોલ સેન્ટર માટે વાપીના ડુંગરાનો વિસ્તાર પસંદ કર્યો



વાપી: વાપી નજીકના ડુંગરા હરીયા પાર્કમાં એક બંગલામાંથી એસઓજી ટીમે હાઈટેક આંતરરાષ્ટ્રીય ફેક કોલ સેન્ટર ઝડપી પાડી 11 ઈસમને ઝડપી પાડયા હતા. આ ફેક કોલ સેન્ટરનો મુખ્ય સૂત્રધાર રાજેશ ઉર્ફે રાજ વિઠ્ઠલ ઠોલાર (ઉં.33, રહે. બીએમપી સોસાયટી, ઘાટકોપર વેસ્ટ, મુંબઈ)ને એસઓજી પોલીસે ઝડપી પાડ્યો છે.

રાજેશ ઠોલારે પૂછતાછમાં જણાવ્યું કે, તે વર્ષ 2010 થી મુંબઈ હૈદરાબાદ, ચંદીગઢ, અમદાવાદ, સુરતના શહેરોમાં ગેરકાયદે કોલસેન્ટરોમાં કામ કરી ચૂકયો છે. મુંબઈમાં પોલીસની રેઈડ વધારે થતી હોય અને મકાનનું ભાડુ પણ વધારે હોય જેથી તેણે પોતાનું કોલ સેન્ટર ચાલુ કરવા માટે વાપી ડુંગરા વિસ્તાર પસંદ કર્યો હતો. તેણે ઓનલાઈન બ્રોકરનો નંબર મેળવી સંપર્ક કર્યો હતો. એન્ડી મારફતે ડોમેઈન મેળવેલ અને 1 મે 2026 થી પોતાની ટીમ સાથે આવ્યો હતો અને કોલ સેન્ટર સેટઅપ કર્યુ હતું. હાલ સુધી આશરે 4 નાગરિકો ભોગ બનેલા છે. જેમની પાસેથી મળેલ એપલ અને સુપેરો કંપનીના 5 હજાર યુએસડોલરની કિંમતના ગીફટ કાર્ડ મળેલ જે તેણે મુંબઈમાં રહેતા એન્ડીને મોકલી તેની પાસેથી ટ્રસ્ટવોલેટ મારફતે ડોલરમાં નાણા પરત મેળવેલ હતાં. ધ મીડનાઈટ કલબ નામનું ખાનગી વોટસએપ ગૃપ બનાવવામાં આવેલ જે ગૃપનો એડમીન જીગર માવદીયા છે. તે મુખ્ય સૂત્રધાર રાજેશ ઠોલરના જણાવ્યા મુજબ આ ગૃપમાં વિદેશી નાગરિકોને જાળમાં ફસાવવા માટેની ઓપનીંગ સ્ક્રીપ્ટ અને કેનેડીયન નાગરિકોનો લીડ ડેટા શેર કરતો. કોઈ પકડાઈ ન જાય તે માટે લોકલ સીમકાર્ડના બદલે ઈન્ટરનેટ કનેકટીવીટી પર ચાલતી X-lite અને APhone જેવી એપ્લીકેશન તથા વીઓઆઈપી ટેકનોલોજીનો ઉપયોગ કરતા હતાં.

## VIAની ટીમના સતત ફોલોઅપના કારણે પ્રોજેક્ટોને વેગ મળી રહ્યો છે: કનુભાઈ

**વાપી** વીઆઇએની 55ની એજીએમમાં પ્રમુખ સતિષભાઈ પટેલ સહિતના હોદ્દેદારની વરણીને બહાલી અપાઈ




વાપી: વાપી ઈન્ડસ્ટ્રીઝ એસોસિએશનની 55મી વાર્ષિક સાધારણ સભા નવા કનુ દેસાઇ ઓડિટોરિયમાં નાણામંત્રી કનુભાઇ દેસાઈની ખાસ ઉપસ્થિતિ વચ્ચે મળી હતી. મોટી સંખ્યામાં હાજર મેમ્બરો વચ્ચે વીઆઇએના હિસાબોને બહાલી અપાઇ હતી. જેમાં આવકમાં છેલ્લા ત્રણ વર્ષમાં 119 ટકા અને ડીપોઝીટમાં 105નો વધારો થયો હતો. વીઆઇએ પ્રમુખ સતિષભાઈ પટેલે એજીએમમાં ઉદ્યોગકારોને વર્તમાન ચાલી રહેલા પ્રોજેકટોની માહિતી આપી હતી.

વાર્ષિક હિસાબો અને વર્તમાન હોદેદારોને રિપિટ કરવાના ઠરાવને બહાલી આપવામાં આવી હતી. ત્રણ વર્ષ માટે વીઆઈએના પ્રમુખ સતિષભાઈ પટેલ તેમજ તમામ હોદ્દેદારોએ નવી ટર્મનો કાર્યભાર સંભાળી લીધો હતો.

વીઆઇએ પ્રમુખ સતિષભાઈ પટેલે જણાવ્યું હતું કે, મેરિલ ગૃપના સહયોગથી ઓડિટોરિયમ પ્રોજેક્ટ પૂર્ણ કર્યો છે. નાણામંત્રીના માર્ગદર્શનમાં હાલ અનેક પ્રોજેકટો ચાલી રહ્યાં છે. સીઈટીપીમાં 15 એમએલડીનો વધારો થશે. જેની કામગીરી ઘણી આગળ વધી છે. જેમાં ડિઝાસ્ટર પ્રિવેંશન એન્ડ મેનેજમેન્ટ સેન્ટરનું (DPMC), ઉદ્યોગોના કચરાના નિકાલ માટે ટીએસડીએફ અને સ્પોર્ટસ કોમ્પલેક્ષ સહિતના પ્રોજેકટ આગામી દોઢ વર્ષમાં પૂર્ણ થશે. વાપીના ઉદ્યોગકારો માટે ટીએસડીએફ (TSDF) એટલે (Treatment, Storage and Disposal Facility) સાઇડ કોચરવા ખાતે બની રહી છે. ડિઝાસ્ટર પ્રિવેંશન એન્ડ મેનેજમેન્ટ સેન્ટર (DPMC) નું ટેકનિકલ ટેન્ડરની પ્રક્રિયા પૂર્ણ થઇ ગઇ છે. જે આગામી દોઢ વર્ષમાં સમગ્ર પ્રોજેકટ પૂર્ણ થશે. વીઆઈએની એજીએમમાં નાણામંત્રી કનુભાઇ દેસાઈએ જણાવ્યું હતું કે, વીઆઈએની ટીમના સતત ફોલોઅપના કારણે પ્રોજેકટોને વેગ મળી રહ્યો છે. જેનો ફાયદો ઉદ્યોગકારોને થઇ રહ્યો છે. એજીએમમાં વીઆઇએ સેક્રેટરી કલ્પેશ વોરા, રાજુલ શાહ, એડવાઈઝરી બોર્ડના સભ્ય મિલનભાઈ દેસાઇ, યોગેશભાઇ કાબરિયા, માજી પ્રમુખ પ્રકાશ ભદ્રા સહિતના ઉદ્યોગપતિઓ હાજર રહ્યા હતાં.

### કપરાડા તાલુકાના એક ગામમાં 13 વર્ષની સગીરાએ આત્મહત્યા કરી

વલસાડ: નાનાપોંઢા તાલુકાના એક ગામની 13 વર્ષીય સગીરાએ ગળે ફાંસો ખાઈ આપઘાત કરી લીધો હતો. તાલુકાના એક ગામમાં રહેતી 13 વર્ષની ધો.8માં અભ્યાસ કરતી હતી. શુક્રવારે જ્યારે પરિવારજનો ખેતરમાં હતા ત્યારે રસોઈ બનાવવાનું કહી સગીરાએ ઘરે પહોંચી પંખાના હુક સાથે ઓઢણી બાંધી ફાંસો ખાઈ મોતને વહાલું કર્યું હતું. ઘટના અંગે સગીરાના પિતાએ પરિવારમાં જમીનના ઝઘડાને લઈ દીકરી ટેન્શનમાં રહેતી હોવાનો ઉલ્લેખ ફરિયાદમાં કર્યો છે.

### બહેન સાથે મિત્રતા કેમ રાખે છે કહી ભાઈ સહિત 3નો યુવક પર હુમલો

વાપી: મૂળ રાજસ્થાન અને હાલ વાપી છરવાડા સ્થિત આવેલ ચાલીમાં રહેતો સમીર મનોજ શર્મા (ઉ.વ.19) શુક્રવારની રાત્રિએ વાપી ગુંજન બાઈક લઈ ઘરે જતો હતો, ત્યારે વાપી જીઆઈડીસી, નિજાનંદ બંગલાની સામેના માર્ગ ઉપર રણજીત કમલેશ ચૌધરી, વિકાસ હરેરામ ચૌધરી અને અનિલ મણિરામ પ્રજાપતિ (તમામ રહે., અક્ષરકુંજ બિલ્ડિંગ, રમજાનવાડી, વાપી) એક સંપ થઈ બાઈક ઊભી રખાવી હતી અને રણજીતે કહ્યું કે, બહેન સાથે કેમ મિત્રતા રાખે છે કહી તમામે ઢીક્કામુક્કીનો માર માર્યો હતો. આ બનાવ અંગેની ફરિયાદ સમીર શર્માએ વાપી ઉદ્યોગનગર પોલીસ મથકમાં કરી હતી.

### વાપી કરવડમાં ભંગારના ગોડાઉનમાં આગ પ્રકરણમાં 2 માલિક સામે ગુનો

વાપી: શુક્રવારે કરવડ, વડ ફળિયા, ગોલ્ડન કાંટાની પાસે ભંગારના ગોડાઉનમાં ભીષણ આગ લાગી હતી. ફાયર ફાઈટરોની ટીમે પાણીનો મારો ચલાવી આગ ઉપર કાબૂ મેળવી લીધો હતો. ભંગારના ગોડાઉન માલિકોની તપાસ કરતાં હરેરામ અરૂણ ચોબે (રહે., શ્રી સખદા સદન, દાદરા), આફતાબ તુફેલ અહેમદ શેખ (રહે., નૂરકાટાની સામે, ડુંગરા) હોવાનું બહાર આવ્યું હતું. પોલીસ તપાસમાં ગોડાઉન માલિકોએ જીપીસીબી મનપા, ફાયર વિભાગ કે અન્ય સરકારી વિભાગની કોઈ મંજૂરી લીધેલી ન હોવાનું બહાર આવ્યું હતું. વાપી ડુંગરા પોલીસે બંને ગોડાઉન માલિકો સામે કાયદાકીય પગલા ભર્યા હતાં.

## ગણદેવીમાં પ્રિ-મોન્સૂન કામગીરી હાથ ધરી પાંચ ટ્રાન્સફોર્મર બદલાયાં

**વીજ** પુરવઠો ખોરવાતા અનેક વિસ્તારોના લોકો ગરમીમાં ત્રસ્ત બન્યા



કેરસી બારીયા

બીલીમોરા: દક્ષિણ ગુજરાત વીજ કંપની દ્વારા ગણદેવી શહેરમાં પ્રિ-મોન્સૂન કામગીરી અંતર્ગત શનિવારે વિવિધ વિસ્તારોમાં પાંચ નવા વીજ ટ્રાન્સફોર્મર સ્થાપિત કરવાની કામગીરી હાથ ધરવામાં આવી હતી.

મળતી માહિતી મુજબ ઘાંચીવાડ, અવસર વિલા-1, અવસર વિલા-2, પશુ દવાખાના વિસ્તાર તેમજ ધનોરી નાકા વિસ્તારમાં કુલ પાંચ નવા ટ્રાન્સફોર્મર સ્થાપિત કરવામાં આવ્યા હતા.

વીજ કંપનીના જણાવ્યા અનુસાર આ કામગીરીથી આગામી ચોમાસા દરમિયાન વીજ પુરવઠો વધુ સુદ્રઢ બનશે તેમજ વધતી વીજ માંગને ધ્યાનમાં રાખીને ટ્રાન્સફોર્મરો પરનો લોડ પણ ઘટશે. કામગીરી દરમિયાન અવસર વિલા-1 અને 2, ઈન્દિરા આવાસ, વૃંદાવન સોસાયટી, તેલુગુ ફળિયા, માકલા ફળીયા, વિજયબાગ, કોશીટ ફળિયા, ખત્રીવાડ, ગોલવાડ, ઉગમણા સ્ટ્રીટ, ધોબીવાડ, અપ્સરા સ્ટ્રીટ, પઠાણવાડ, કળીયાવાડ, કાલુવાડ, જમાદારવાડ, તાઈવાડ, કાંજીવાડ, લક્ષ્મીપાર્ક, પંડ્યા સ્ટ્રીટ, પટેલ સ્ટ્રીટ, સિનેમા રોડ, ઘાંચીવાડ, શાંતિનિકેતન, ભાત મોહલ્લો, કમાલ ફળિયા, ઓમ રેસિડેન્સી, ગોકુળધામ, નવું પોલીસ સ્ટેશન વિસ્તાર, વિશ્રામગૃહ, મીરાપાર્ક, ગાયત્રી સોસાયટી, ખુશી હાઇટ્સ, હરિજનવાસ, ધનોરી ચોકડી, સંસ્કારધામ તથા રહેજ ગામના બળિયાદેવ વિસ્તાર સહિતના વિસ્તારોમાં વીજળી બંધ રહી હતી. દિવસભર વીજ પુરવઠો ખોરવાતા રહેવાસીઓને ભારે ગરમીનો સામનો કરવો પડ્યો હતો.

## વલસાડના પ્રવાસન વિકાસને નવી ગતિ મળશે: નાણાંમંત્રી



**નાણાંમંત્રી** કનુભાઈ દેસાઈએ ઉમરસાડી અટલ બ્રિજની મુલાકાત લીધી

વલસાડ, પારડી: વલસાડ જિલ્લાના પ્રવાસન વિકાસને વધુ વેગ આપવા માટે રાજ્યના નાણાં મંત્રી કનુભાઈ દેસાઈએ જિલ્લાના વિવિધ પ્રવાસન સ્થળોની મુલાકાત લીધી હતી. મુલાકાત દરમિયાન નાણાં મંત્રી સૌપ્રથમ તિથલ બીચ પહોંચ્યા હતાં. તેમણે તિથલના સર્વાંગી વિકાસ અંગે ગ્રામપંચાયતના પ્રતિનિધિઓ અને સંબંધિત અધિકારીઓ સાથે બેઠક યોજી હતી. બેઠકમાં પ્રવાસન સ્થળ તરીકે તિથલને વધુ આકર્ષક બનાવવા માટે વિવિધ વિકાસકાર્યો અંગે ચર્ચા કરવામાં આવી હતી. આ પ્રસંગે પ્રભારી મંત્રી નરેશ પટેલ, ધારાસભ્ય ભરત પટેલ ઉપસ્થિત રહ્યા હતા.

ઉપરાંત દરિયાકિનારે આવતા પ્રવાસીઓ માટે પાર્કિંગ, સ્વચ્છતા, બેસવાની વ્યવસ્થા તેમજ અન્ય જરૂરી સુવિધાઓના વિકાસ માટે વહેલી તકે આયોજન હાથ ધરવા સૂચનાઓ આપી હતી. ત્યારબાદ નાણાં મંત્રીએ ઉમરસાડી બ્રિજની મુલાકાત લીધી હતી. નવા બ્રિજના નિર્માણથી સ્થાનિક લોકોને તેમજ પ્રવાસીઓને મળતી સુવિધાઓ અંગે તેમણે સ્થળ પર માહિતી મેળવી હતી. સાથે જ દરિયાકિનારે ફરવા આવેલા પ્રવાસીઓ અને સ્થાનિક નાગરિકો સાથે સંવાદ કરી બ્રિજના નિર્માણ અંગે તેમનો પ્રતિસાદ પણ મેળવ્યો હતો.

નાણાં મંત્રીની આ મુલાકાત દરમિયાન વલસાડ જી.પં. કારોબારી અધ્યક્ષ પ્રજ્ઞેશ પટેલ, મહામંત્રી જિ.ભાજપ કમલેશ પટેલ, વલસાડ જિલ્લા પ્રમુખ, મોટી સંખ્યામાં ભાજપના કાર્યકરો, સ્થાનિક આગેવાનો અને સરકારી અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

## સલવાવમાં પડોશીને કચરો ન નાંખવાનું જણાવતા મારામારી

વાપી: ઉમરગામના મરોલીમાં રહેતા સુમિત્રાબેન જીતેન્દ્રભાઈ (ઉં.વ.32) વાપી નજીકના સલવાવ સ્થિત પિયરમાં આવ્યા હતાં. તેમના પડોશી હેમાંગીની જીગરભાઈ ઘર આંગણે કચરો નાંખતા હતા, જેથી તે કચરો નાખવાની ના પાડી હતી. જેથી હેમાંગીની ઉશ્કેરાઈ ગઈ હતી અને ઈંટનો ટૂકડો છૂટો માર્યો હતો. જેથી સુમિત્રાની પુત્રીએ હેમાંગીનીને પકડી લેતાં ઝપાઝપી થઈ હતી. હેમાંગીની સાસુ મીનાબેન રમેશભાઈ પણ આવી ધક્કામુક્કી કરી હતી. જીગર રમેશએ પણ સુમિત્રાને મારવાની ધમકી આપી હતી. આ બનાવ અંગેની ફરિયાદ સુમિત્રાબેને મારામારી કરનારા ત્રણ સામે વાપી ડુંગરા પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી હતી.

**જાહેર નોટીસ /સમન્સ - નાયબ કલેક્ટર અને સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટ, વાંસદાની કોર્ટમાં**

જન્મ મરણ નોંધણી અરજી નં.૯૬/૨૦૨૬

અરજદાર : ઉત્તમભાઈ રવલાભાઈ પટેલ રહે.વાડ, ટેકરી ફળિયા તા.ખેરગામ જિ.નવસારી

વિરૂધ્ધ

સામાવાળા : તલાટી કમ મંત્રીશ્રી, ગ્રામ પંચાયત કચેરી,વાડ તા.ખેરગામ જિ.નવસારી

આ કામના અરજદારશ્રી ઉત્તમભાઈ રવલાભાઈ પટેલ રહે. વાડ, ટેકરી ફળિયા તા.ખેરગામ જિ.નવસારીએ તેમના માતા ભીખીબેન રવલાભાઈ પટેલનું મરણ મોજે વાડ તા.ખેરગામ જિ.નવસારી મુકામે તા.૧૦/૦૮/૨૦૦૬ના રોજ થયેલ હોવાનું જણાવી તેમના મરણની નોંધણી સામાવાળા સમક્ષ થયેલ નહી હોવાથી સામાવાળાને નોંધણી કરવા હુકમ મેળવવા બાબતે આધાર પુરાવા સહિત અત્રે અરજી કરેલ છે.સબબ આથી લાગતા વળગતા તમામને આ જાહેર નોટીસ / સમન્સથી જાણ કરવામાં આવે છે. કે સદર કામે અરજદારની અરજી સામે કોઈના કોઈ પણ જાતના વાંધા વિરોધ અગર તકરાર હોઈ તો તે રજુ કરવા આ નોટીસની પ્રસિધ્ધિ થયાના ૩૦ (ત્રીસ) દિવસમાં કચેરી સમય દરમિયાન જાતે અથવા યોગ્ય રીતે માહિતગાર વકીલ મારફતે આધાર પુરાવા સાથે લેખિત રજુઆત સહિત હાજર થઈ રજુ કરવું. નિર્દિષ્ટ સમયમર્યાદામાં કોઈ વાંધા રજુ કરવામાં નહી આવશે તો અરજી સંદર્ભે આગળની કાયદેસરની કાર્યવાહી કરવામાં આવશે. જેની નોંધ લેવી.

તા. ૯/૬/૨૦૨૬ | કોર્ટનો સિક્કો | (બી.એલ.માહલા)
સ્થળ : વાંસદા | | સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટ વાંસદા

**જાહેર નોટીસ /સમન્સ - નાયબ કલેક્ટર અને સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટ, વાંસદાની કોર્ટમાં**

જન્મ મરણ નોંધણી અરજી નં.૯૭/૨૦૨૬

અરજદાર : શંકરભાઈ શુક્કરભાઈ પટેલ, રહે.ખેરગામ, સરસિયા ફળિયા તા.ખેરગામ જિ.નવસારી

વિરૂધ્ધ

સામાવાળા : તલાટી કમ મંત્રીશ્રી, ગ્રામ પંચાયત કચેરી,ખેરગામ તા.ખેરગામ જિ.નવસારી

આ કામના અરજદારશ્રી શંકરભાઈ શુક્કરભાઈ પટેલ રહે. ખેરગામ, સરસિયા ફળિયા તા.ખેરગામ જિ.નવસારીએ તેમના ધર્મ પત્ની લક્ષ્મીબેન શંકરભાઈ પટેલનું મરણ મોજે ખેરગામ તા.ખેરગામ જિ.નવસારી મુકામે તા.૧૫/૦૭/૧૯૯૨ના રોજ થયેલ હોવાનું જણાવી તેમના મરણની નોંધણી સામાવાળા સમક્ષ થયેલ નહી હોવાથી સામાવાળાને નોંધણી કરવા હુકમ મેળવવા બાબતે આધાર પુરાવા સહિત અત્રે અરજી કરેલ છે.સબબ આથી લાગતા વળગતા તમામને આ જાહેર નોટીસ / સમન્સથી જાણ કરવામાં આવે છે. કે સદર કામે અરજદારની અરજી સામે કોઈના કોઈ પણ જાતના વાંધા વિરોધ અગર તકરાર હોઈ તો તે રજુ કરવા આ નોટીસની પ્રસિધ્ધિ થયાના ૩૦ (ત્રીસ) દિવસમાં કચેરી સમય દરમિયાન જાતે અથવા યોગ્ય રીતે માહિતગાર વકીલ મારફતે આધાર પુરાવા સાથે લેખિત રજુઆત સહિત હાજર થઈ રજુ કરવું. નિર્દિષ્ટ સમયમર્યાદામાં કોઈ વાંધા રજુ કરવામાં નહી આવશે તો અરજી સંદર્ભે આગળની કાયદેસરની કાર્યવાહી કરવામાં આવશે. જેની નોંધ લેવી.

તા. ૯/૬/૨૦૨૬ | કોર્ટનો સિક્કો | (બી.એલ.માહલા)
સ્થળ : વાંસદા | | સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટ વાંસદા

**જાહેર હરાજી**

શેઠ ભા.દુ.ઈંટવાલા પ્રાથમિક વિદ્યાલય દેસરા, બીલીમોરા, તા.ગણદેવી, જિ.નવસારીમાં સાગી ઇમારતી તેમજ જલાઉ માલની જાહેર હરાજી તા. 18/06/2026ને શુક્રવારે સવારે 10:00 કલાકે રાખેલ છે, જેમાં ભાગ લેવા માંગતા વેપારીઓ, અરજદારોએ સ્થળ પર સમયસર હાજર રહેવુ. સ્થળ પર રોકડા રુપિયા 10,000/-, આધારકાર્ડની પ્રમાણિત નકલ, પાનકાર્ડની પ્રમાણિત નકલ જમા કરાવ્યા પછી જ હરાજીની બોલીમાં ભાગ લઇ શકાશે. હરાજી મંજૂર કરવી ન કરવી તેનો હક એસ.એમ.સી. અધ્યક્ષશ્રી/સભ્ય સચિવશ્રીને અબાધિત રહેશે. હરાજીની શરતો સ્થળ પર વાંચી સંભળાવવામાં આવશે.

સ્થળ: શેઠ ભા.દુ.ઈંટવાલા પ્રા. વિ.દેસરા, બીલીમોરા, તા.ગણદેવી, જિ.નવસારી

એસ.એમ.સી. અધ્યક્ષશ્રી/સભ્ય સચિવશ્રી
શેઠ ભા.દુ.ઈંટવાલા પ્રા. વિ.દેસરા,
બીલીમોરા, તા.ગણદેવી, જિ.નવસારી